# વિધવા ની જીંદગી

લખાણ: શાયરોઝ જાફર ધાલા        અનુવાદ: મોહમ્મદ હુસેનભાઇ લાખા

કૌમ તથા વ્યક્તિગત હસ્તી તરીકે વિધવા તથા વિધુરોની કહાણીઓ સાંભળવી જરૂરી છે અને તે કહાણી સમજી અને જરૂરી પગલા ભરવા તથા આપણા ભાઇ બહેનોને સામાજીક ટેકો આપવો આપણી ફરજ બને છે. કૌમની ખબરપત્રીકા જાઅફરી ન્યુઝ આ વિષય ઉપર ખાસ તપાસ હાથ ધરી છે અને ૬ વિધવા બહેનો જેઓના પતિ આ દુનિયા છોડી ગયા છે તેઓની મુલાકાત લઇ અને તેઓની ખરી કહાણી સાંભળી અત્રે પેશ કરે છે.

આ બહાદુર વિધવા બહેનો અને વિધુર ભાઇઓ પોતાના દ્દઢ નિશ્ચયથી આપણને આશા અને ડહાપણનો પાઠ શીખવી રહ્યા છે. તેઓ ખુલાદિલથી પોતાની કહાણી અને પોતાના દુખમય અને રંજીદા પાઠો આપણને સંભળાવી રહ્યા છે.તેઓની આ કહાણીથી બીજા વિધવા અને વિધુરોને આશ્વાસન નો પાઠ મળશે અને દંપતિઓ આ કહાણીથી બોધ ઉઠાવશે અને કૌમના વિધવા-વિધુરો માટે કૌમ હાલના રીતભાત તથા જુના ઢબોમાં કાંઇ ફેરફાર અથવા પ્રગતિના પંથે વિચાર કરશે.

રાતનો અંધકાર હજુ બહુજ થોડો બાકી રહ્યો હતો અને પ્રભાતની અજવાળાની પહેલી કિરણો એ કોટડીના બારીમાં પ્રવેશ કર્યો હતો. પોતાના વરના પથારીમાંથી બહાર આવતા વઝું કરી નમાઝ ના મુસલ્લા ઉપર બેઠી. વઝું ના પાણીથી હજુ હાથ ભીના હતા અને તેજ ભીના હાથ થી પોતાના શૌહરને ઉઠાડી ધીમા અવાજે કહ્યું: ઉઠો સવારની નમાઝનો વખત થઇ ગયો છે. અચંબાની હકીક્ત હતી કે શૌહરને ઉઠતા આટલો સમય લાગ્યો. ગુલશને ફરી શૌહર ને હલાવ્યા અને તરતજ તેમને અસામાન્ય લાગણીનો ભાસ થયો. તેઓએ ફરી તેમને હલાવ્યા અને પગનું બધુ જોર નીકળી ગયું. તેઓ પલંગ પર ચિંતાથી બેઠા કે આ શું થઇ ગયું છે?

પોતાની યાદ શક્તિ તાજી કરતા શાંતીથી કહ્યું: મારે હવે શું કરવું તે હું ન જાણી. અમે એકલા રહેતા હતા. અમોને કોઇ ઓલાદ ન હતી. મેં મારા ભાઇને ફોન કર્યો અને તેમણે એમ્બ્યુલેન્સ ની ગોઠવણ કરી આપી. બુધવારનો દહાડો હતો, બપોરના બે વાગ્યાનો સમય હતો. મારા ધણીની ઉમર ૫૧ વરસની હતી અને અમારૂ ૨૯ વરસનું ઘરવસવાટ આજે ધરતી હેઠળ દબાઇ ગયું.

તેર વરસ પછી ગુલશન તાજી વિધવા છે. જીંદગીભર કદી ન બૈંક માં ખાતું ખોલાવ્યું હતું ન કોઇ દહાડે એક લખવા કલમ ઉપાડી હતી. હવે તેઓ પોતાના રહેઠાણમાં એકલા રહે છે. ૪૮ વરસની ઉમરે તેઓ મોટરગાડી ચલાવવા શીખ્યા અને આજે તેઓ સ્વતંત્ર બની પોતાના કાર્યોને અંજામ આપી રહ્યા છે. તેઓ માટે તથા બીજા વિધવાઓ માટે વિધવાપણું એક કસોટી છે અને



જીંદગીમાં કદી ન અનુભવ્યે ફેરફારોનો સામનો કરવો પડયો. ક્ષણ ભરમાં વિધવાઓમાં અણધાર્યા ખેદ અને એકલાઇ નો સામનો કરવો પડે છે અને આ નવા સંજોગોમાં ચોતરફ હાજર રહેલા મિત્રો તથા સગાસ્નેહીઓ, ફોન ઉપર આવતા આશ્વાસનના પયગામો, મૃત્યની અંતિમ સેવાઓની ગોઠવણો બહુજ મુશ્કેલ થઇ પડે છે.

અંતિમ સેવાઓ પછી વિધવાઓને પોતાના જીવનસાથી વગર ભવિષ્યના કઠણ વખતનો સામનો એકલા હાથ - ધણી વગર - કરવો પડે છે. બધા માટે દરરોજના ઘરગથ્થુ કામકાજ ઉપરાંત મકાન તથા ગાડીનું સમારકામ, વસ્તુઓની ખરીદી માટે ગાડીનું હંકારવું અને કેટલાં અઘરા તથા ભારે કાર્યો ને અંજામ દેવું જરૂરી પડે છે.

## દુ:ખ

શમા ધાલા, જે ત્રણ ઓલાદની માતા છે અને પાંચ વરસ પહેલા પોતાના ધણીને ગુમાવી બેઠી છે, કહે છે: " ૨૫ વરસ સુધી એક જણ સાથે શાદી કર્યા પછી તેઓ બે અલગ વ્યક્તિઓ નથી. સાથે તેઓ એક હસ્તી છે અને જ્યારે એક ભાગ બીજા ભાગથી વિખુટો પડે છે ત્યારે એવો ભાસ થાય છે કે શરીર નો અડધો ભાગ કાપી નાખવામાં આવ્યો છે અને દફન કરવામાં આવ્યો છે. તમારો એક ભાગ મડદું થઇ ગયું છે અને તમને કહેવામાં આવે છે કે તમો " જીવો ". ખરેખર દુનિયામાં દર્દનાક હકીક્ત આ છે.

ધણી કે ધણીયાણી ગુમાવ્યા પછી ઘણાઓને " ડીપ્રેશન " ની તકલીફ ઉભી થાય છે અને દુનિયાની ખરી હકીક્તોનો ભાસ રહેતો નથી. પણ આ ખબરપત્રીએ જેઓને પુછપરછ કરી છે તેઓના બહુમતી એવા મતના હતા કે દુખને મનાવવાનો આ એક ભાગ હોય છે. બીજા ચિન્હો જેવા કે રડવું, ભૂખનું મટી જવું, ઉંઘ ન આવે અથવા વધુ ઉંઘ આવે અને વધુ થકાડો લાગે, યાદશક્તિ ઓછી થાય, ગુસ્સો વધારે પ્રમાણમાં આવે, વિગૈરે હોય છે. એક ભાગીદાર ના છુટા પડવા પછી બીજા ભાગીદાર ને સાથે કરેલા ઘણાં કાર્યો નજર સમક્ષ તરી આવે છે. ઘણાઓને પોતાના ભાગીદાર ના પગના ચાલવાનો અવાજ સંભળાય છે - બીજાઓને પોતાના ભાગીદાર ના વઝું કરવાનો આછો અવાજ આવે છે, જ્યારે બીજાઓને પોતાના ભાગીદાર ના સુવાના ઓરડામાં અથવા તેના પલંગ ઉપર સુવવા અસહ્ય બની જાય છે

શમા ધાલા જેઓને પોતાના ધણીનું નામ રડયા વગર લેતા ત્રણ વરસ લાગ્યા તેઓ વધુમાં સમજાવે છે કે સમય સાથે રહેતા શીખવું જોઇએ. માં તરીકે તમારી મુખ્ય ફરજ એ છે કે તમારા ઓલાદને ચૈન તથા બળ દેવાની કોશીશ કરવી જોઇએ. જો તમારી ઓલાદ ની નજરે તમો બેચૈન દેખાશો તો તેઓને ચૈન અને બળ ક્યાંથી આપશો? મારા માટે સખત કાર્ય એ હતું કે મારે મારી લાગણીઓ નું પ્રદર્શન ઓલાદ સામે ન કરવું. મારી લાગણીઓ ને બાટલીમાં ઉતારી અને બુચ મારી નાખવું ત્યાં સુધી કે હું એકલી હોઉ. ઔલાદ સાથે વખત ગાળવો, તેઓના ચેહરા ઉપર



સ્મિત દોડતા જોવું તેથી મને શાંતી પ્રાપ્ત થતી હતી. ઔલાદ ખરી જેહમત બની શકે છે કારણ કે જે જણ ને તમો આટલું ગુમાવી બેઠા છો તે જણ ઔલાદ ની હસ્તી માં મૌજુદ હોય છે.

## શોક ના રિવાજો:

ઘણીવાર સગા સ્નેહી અને હીતેચ્છુઓ માટે શોક નું મોજુ નવા વિધવા અથવા વિધુર ઉપર અજાણ્યે મોટો બોજો થઇ પડે છે. પરદેશથી આવતાં સગાવહાલા માટે રહેવાની, સુવવાની અને જમવાની સગવડ કરી આપવી પડે છે. આપણી રસમ અને રિવાજ પ્રમાણે દરરોજ સાંજે મરહુમ ના ઘરે મજલીસ કરવાની પ્રથા લાગણી તથા નાણાનો બોજ સાથે હોય છે કારણ કે તેઓ સર્વે માટે ખોરાકી નો બંદોબસ્ત કરવો જરૂરી હોય છે. આવા સંજોગો માં વિધવાબાઇ ને બબરચી ખાનામાં જોવાનો દ્દષ્ય અસાધારણ નથી ભલે પછી તે વિધવા ફક્ત ચમચા અને પ્યાલા ક્યાં છે તેજ દેખાડતી હોય! જ્યારે કોઇ જમણ લઇ આવે અથવા ઓરડો સાફ કરવાની અથવા મહેમાનો નો સત્કાર કરવા ઉમેદવારી દેખાડે ત્યારે કુટુંબના માથા ઉપર બોજ હળવો થાય છે જ્યારે કુટુંબીજનો આઘાત સહન કરી રહ્યા હોય છે. આજકાલની આપણી રીત રિવાજો ઉપર લગભગ સર્વે જણાએ જેઓને આ ખબરપત્રી એ પુછપરછ કરી છે તેઓ એ પોતાની નારાજગી જાહેર કરી છે અને ખાસ કરી આ સવાલ કે "આ કેમ બન્યું? શું થયું? તે સામે વિરોધ જાહેર કર્યો છે. જરૂરી છે કે તેને ખુલ્લે દિલે રડવાનો મોકો મળે અને ચાલુ ગળે લગાડવાથી ચકરી તથા બેહોશ થવાની વકી રહે છે.

ઘણી બહેનોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે મય્યતને લઇ જવામાં આવે તે પહેલાં ટુંક સમય પોતાના પ્રિય સાથે છેલ્લી મુલાકાત કરવાની તક મળવી જોઇએ. આ મોકો બહુજ જરૂરી અને અગત્યનો છે અને ઘણી વખતે વિધવાબાઇ ને તે ઐકયતાનાં સમયની માંગણી કરવાની પણ યાદ રહેતું નથી.

શીરીન જાફર કહે છે કે મારો મોટો અફસોસ તે છે કે મારા ધણી સાથે આખરી વિદાય પણ કરી શકી નહિ. હું મારા ધણી ને છેલ્લી વખતે અડવા ચાહતી હતી પણ મારાજ ભાઇઓ ની એ ઓરડીમાં હાજરી હોવા થી હું સંકોચથી અચકાઇ ને રહી ગઇ. કોઇ એ જેણો ધણી ૬ વરસ પહેલા મૃત્યુ પામ્યા એવી દરખાસ્ત રાખી છે કે આપણો રિવાજ કે મય્યત ને સર્વે ને નિહાળવા માટે ખુલી રખાય તેમા ફેરફાર કરવાની જરૂરીયાત છે. અને જરૂરી છે કે મોઢું મરહુમનું ફક્ત સગાવહાલા જ જોઇ શકે. ન્જદીક ના કુટુંબીજનો ને મોકો મળવો જોઇએ કે અંતિમ કાળ પોતાના પ્રિય સાથે ગુજારી શકે. આ છેલ્લો મોકો હોય છે કે તેઓ મળી શકે અને પછી હંમેશ માટે જુદાઇ.

ઘણાઓને એવી ચિંતા થાય છે કે દફનક્રિયા પછી શું ખોરાક જમાડશું? બીજા એવા પણ હોય છે કે ચાલુ ખારી માની (ચોખા, દાળ તથા સીરો) ની વિરૂદ્ધ છે. જ્યારે મડદા શરીર ઉપર વધુ તપાસ માટે (Post-mortem) કરવું પડે ત્યારે ધાર્મીક અને વૈદિક સવાલો ઉત્પન્ન થતાં સીધીસાદી રતિ વિચાર કરવાનું પણ મુશ્કેલ થઇ પડે છે.



કેટલીક વિધવા બહેનોએ એવી શીકાયત કરી છે કે અમુક બહેનો આપ ખુદ મુખત્યારી થી આંગળી માંથી વીટીઓ અને ગળા માંથી સાંકળ ઉતારી અથવા તેઓને કાળા વસ્ત્રો પહેરાવે છે. કેટલાંકોને બળજબરીથી રડાવવા માં આવે છે જ્યારે તેઓ પોતાને બેકાબુ બની પોતાનું સમતોલણ પણું સંભાળવું હતું. દુખ પ્રદર્શન કરવા નો રિવાજ ઘણી વખતે તકલીફ ઉત્પન્ન કરે છે જ્યારે સામે જણ પોતે પારકી આંખોદૂર રહેવા ઇચ્છે છે. એક વિધવાબાઇ એ કહ્યું: જ્યારે માણસો એ એવી ટાંક મારી કે હું કેટલી બળવાન છું કારણ કે હું રડતી ન હતી. કાશ માણસો એટલું જાણતે કે હું રાત્રી ના અંધારા માં કેટલું રડું છું !!

આશ્વાસન ના શબ્દો દુખી માટે ઘણાજ હિંમત આપતા હોય છે પણ ખરા શબ્દો ચુંટવાની જરૂરી હોય છે. અમુક બીન પસંદકારક શબ્દો એવા હોય છે કે "મને તમારા માટે ખેદ થાય છે", " મને તમારા ઉપર દયા આવે છે", " તમારા અહેસાસ નો મને ખ્યાલ છે". તેના બદલે દીલને અસર પહોચાડે એવા સીધાસાદા શબ્દો વધુ પ્રશંસનીય છે જેમકે "ધીરજ રાખો, અલ્લાહ મોટો છે" તમોને જ્યારે પણ અમારી મદદની જરૂરીયાત હોય ત્યારે અમો હાજર છીએ.

## તમારી જોડી સલામત હોય....

અમુક વિધુર જેઓ પોતાના પત્ની ને ૧૪ વરસ પહેલા ગુમાવ્યા હતાં તે કહે છે કે દરેક દહાડો જે તમો તમારા પત્ની/પતી સાથે ગાળો તે ખરેખર નેઅમત છે. તે જાણે ૧૦ લાખ ડોલર ની ટીકીટ વગર જાણ્યે જીતવા બરાબર છે. તે પાંચ મીનીટથી અકસ્માત થી બચ્યા બરાબર છે, તે સ્થિતિમાં કે તમો કેવી રીતે બચ્યા તેનો ભાસ તમોને નથી.

જ્યારે પુછવામાં આવ્યું કે જેઓ વિધવા કે વિધુર ના જમાના માંથી પસાર નથી થયાં તેઓને તમો શું સલાહ આપો છો તે ફલસુફી જવાબ વાળયો "એક બીજાની મુહબ્બત કાયમ રાખો" અથવા વેપારી શબ્દોમાં કહ્યું"વીમા ની પોલીસી લઇ લ્યો" ધણીયાણી કેળવણી પ્રાપ્ત કરવા, કળા શીખવા અને ધણી અગત્યનાં દસ્તાવેજો ક્યાં રાખે છે તે જાણવા ઉપર ભાર મુક્યો છે.

બતુલ ધાલા જેમના ધણી બાર માસ પહેલા આ ફાની દુનિયા છોડી ગયા અને હાલ દારેસલામ ખાતે વસી રહ્યા છે તેઓની સલાહ છે કે દરેક સ્ત્રી આંકડા ભરવાની જગ્યા તથા બૈંક ની મુલાકાત લેવી જોઇએ. હું પાણી નું બીલ ક્યાં ભરાય તે કદી જાણતી ન હતી.

વીલ બનાવવા ઉપર કાફી જોર આપવામાં આવ્યું છે. બીજાઓ એવું માને છે કે જો વીલ બનાવે તો ઓચિંતા મૃત્યુ નીપજે. ત્મારી મીલક્ત નો બંદોબસ્ત સરખી રતિ કરવું જોઇએ. સ્ત્રી એ દરેક દાગીનો કોને મળે તે સ્પષ્ટ રીતે લખવું જોઇએ. ગુલશન તાજી સ્ત્રીઓને સલાહ આપે છે કે પોતાના ધણી ને દસ્તાવેજસલામત જગ્યા માં રાખવા મદદ કરવી જોઇએ. હું ભાગ્યશાળી હતી કે



મારો ધણી કેટલો સારો અને દરેક વસ્તુ પોતાની જગ્યાએ રાખતો નથી. અમુક સ્ત્રીઓ ને કોઇ દસ્તાવેજ કે કોઇ ચીજ ગોતતાં મહીના નીકળી જાય છે.

શમા ધાલા પત્નીઓ ને એવી સલાહ આપે છે કે જ્યારે ધણી મૃત્યુ અથવા વીલ ની વાત કરે ત્યારે ગભરાવવા જેવું કશું હોતું નથી. તમારે ધ્યાનથી સાંભળવું જોઇએ. કોઇ એવી મીલક્ત હશે કે બૈંક માં સલામતની ડબ્બા હશે જેની ચાવી ક્યાં છે તે જાણવું બહુંજ જરૂરી હોય છે. ઘણાઓ તે બાબત ઉપર અત્યંત જોર આપ્યું છે. બૈંક ના ખાતામાં ધણી ધણીયાણી બન્નેની સહીઓ હોવી જોઇએ, સમયસર વીલ માં સુધારા વધારા કરવા જોઇએ, કુટુંબ ના વેપાર માં થોડે અંશે પણ રસ દેખાડવો જોઇએ અને ઘરમાં નાનું સમારકામ કરતા આવડવું જોઇએ. ગુલશન તાજી, જેઓ નાનું સમારકામ માટે પોતે દાદરા ઉપર ચડી જોઇતું કામકાજ કરી લે છે અને તેઓને તે સમય યાદ છે કે મકાન ના દેખરેખ કરનાર તેઓને દાદરા ઉપર જોઇ આશ્ચર્યથી કહ્યું: મીસીસ તાજી, તમો ગરદન તોડી નાખશો !! નાના નાના કામ માટે બીજાઓ ને નાહક તકલીફ નહિ દેવી જોઇએ. તમારે પોતે સ્વતંત્ર બનવું જોઇી.

કોઇ વિધુરભાઇ એ કહ્યું: હું રાંધતા જાણું છું પણ એકલા બેસી ને જમવું મુશ્કેલ છે. અમારી તપાસ દરમ્યાન પુરૂષજાતી એ ખાલી મકાન માં અકલુતા રહેવાનું તથા મકાન માં સાફસુફ કરવાનું ફોગટ છે. મારી પત્ની મારી જીંદગી ની કારવાં હતી. તે જણ કહે છે કે જ્યારે મારી પત્ની હતી ત્યારે કુટુંબી મુલાકાત અથવા મસ્જીદ માં હાજરી આપવાનો કોઇ પણ રૂતુ માં સવાલ ઉત્પન્ન થતો નહી. પુરૂષ પોતાની સ્ત્રીઓ માટે અનેક અનુપમ શબ્દો વાપરતા હતાં જેમકે તે "એંજીન" છે (કે આગગાડી ચાલી શકે) કે "ગુંદર" છે (જેથી જીંદગી મજબુત ચોંટી શકે) અને આવા શબ્દો થી તેઓ કુટુંબી જીંદગી માં ફાળો આપતા હતા. અમુક જ્યારે સ્ત્રીઓ કેટલી સેવા આપી છે તે જ્યારે સમજ્યા ત્યારે ઘણુંજ દુખ થયું. "સવાર ના ઉઠતા અને રાત્રી એ સુવા જતાં ત્યાં સુધી જીંદગી તેવણ સુવર્ણ બને તે માટે હજારો કામ કરતા. પથારી બનાવતા, કપડાં ધોતા, ખોરાક ટેબલ ઉપર મઢી જતા, ઔલાદ સાફ અને જમણ ખાધું છે.... અને હવે તે એક રકાબી ટેબલ ઉપર દહાડા ને દહાડા પડી રહેશે અને તે ખમીસ જે તમોએ સોફા ઉપર ફેંક્યુ છે તે ત્યાંજ રહેશ જ્યાં સુધી તમો તેને પોતાની જગ્યાએ ન રાખો. આ શબ્દો છે ૧૦ વરસ નાં વિધુર ના.

ગુલશન તાજી, જેમણે કોઇ દહાડે જીંદગી માં ચેક ન લખ્યો હતો હવે પોતાના ટેક્સનો હિસાબ પોતે કરે છે. "પહેલાં હું દરેક બાબત વકીલ ને સોંપતી અને તે કામ ને અંજામ આપતા હતાં, હવે હું પોતે કરૂ છું. ઘર માં બત્તીનો ગ્લોબ બદલવાનું, મા બાપ તથા શીક્ષક ની મીટીંગ માં હાજરી આપવાનું, મોટા રસ્તા ઉપર ગાડી ચલાવવાનું , હિસાબ કીતાબ સરખાં રાખવાનું તથા સરકારી ફોર્મ ભરવાનું વિગેરે વિષય અમો જ્યારે સ્ત્રીઓ સાથે વાતચીત કરી છે ત્યારે હિંમત, સફળતાંની કહાણી સાંભળી છે. ઘણી વખતે વિધવા બનવાથી નવા દોસ્તો જન્મ્યા.



સર્વે એ કૌમ પાસે થી વધુ સેવાઓની આશા રાખી છે. તેઓ નું માનવું છે કે કૌમ માં વકીલો, એકાઉન્ટેંટ, સલાહકાર તથા વોલેન્ટીયર ની એક કમીટી બનવી જોઇએ. એવું માલુમ પડે છે કે ધણી ની વિદાય થી ભણેલી ગણેલી બહેનો પણ લાચાર બની જાય છે. સરકારી કચેરીઓ માં લાંબી કતાર માં ઉભા રહેવું અથવા ટેલીફોન ઉપર કોઇ વકીલ ને રોકવા, હિંમત તોડી નાખે છે. "અમો ને એવા વોલેન્ટીયર ખપે છે જેઓ નવા વિધવાઓ સાથે કતાર માં ઉભા તૈયાર હોય, ફોર્મ ) રવા મદદરૂપ હોય અને હીત ની સલાહ આપે. જો ધણીએ આ દેશ માં કામ કર્યુ હોય અને કરવેરા ચુકવ્યા હોય તો સરકાર પાસે થી તમને કાંઇ પાછું મળે, ઘણી એવી સ્ત્રીઓ છે ધણી ધણીયાણી ના સરકારી પેન્શન અથવા નોકરી મળી શકે તેના થી સાવ અજાણ છે. ગુલશન બાઇ કહે છે કે જ્યારે તમો કોઇ વિધવા પાસે થી અથાણાં ખરીદો અથવા કપડાં સીવડાવો તો હું ધારૂ છું કે તે કાર્યો ઇબાદત છે. ખરૂ જોતા મસ્જીદ એવી જગ્યા હોવી જોઇએ જ્યાં સ્ત્રીઓ આરામ થી પોતાની વસ્તુઓ વહેંચી શકે. અમે ફક્ત સ્વતંત્ર થવા કોશીશ કરીએ છીએ અને તે લાગણી ટેકા ને લાયક છે.

## ભવિષ્ય

ઔલાદ ની દેખરેખનો સવાલ મારા મગજનાં મોખરે હતું એમ...મેં વિચાર્યુ કે જ્યારે હું એકલી રહી ગઇ છું તો ઔલાદ ની દેખરેખ મારી જવાબદારી બની રહે છે. હું પોતાને પુછતી રહી કે ઔલાદ ને એમ ન લાગે કે જો મારા પિતાજી નથી તો મારે શું કરવું જોઇએ. જે કરવાનું હોય તે કરો પણ બન્ને માં બાપ નું કામ કરો. ગુલશનબાઇ તાજી કહે છે કે તમારે પોતે કોઇ ધંધા માં પરોવવાં જોઇએ નહી તો એકલાપણું તમોને ખાઇ જાય. મસ્જીદ માં સેવા આપે છે. ગુલશન બાઇ એ હમણાં કમ્પ્યુટર ખરીદયું અને કમ્પ્યુટર નાં કલાસ ભરે છે. જે ભાઇ બહેનો જોડે અમે ચર્ચા કરી તેઓ જીંદગી ની ફલસુફી ખુબ સમઝતા હતાં. અલ્લાહ તઆલા ની ઠીક કરી આપવાની શક્તી ઉપર ખુબ ભરોસો છે અને તેઓ એ સમતોલપણાંનું તથા કામકાજમાં સંડોવી રહેવાનું બોધદાયક શબ્દો કહ્યા છે. તેઓ ના જીવન માં પલટો આવી ગયો છે પણ દરેક જણ વધું દ્દઢ થઇ ગયાં.ઘણાઓ ને તાજેતર થયેલાં વિધવા કે વિધુરો ને મળી તેમનો રંજ ઓછો કરે છે અને હિંમત આપે છે.અલ્લાહ તઆલા ની હુઝુરી માં અલ્લાહ તઆલા પોતાના ફઝલો કરમથી સર્વે વિધવા તથા વિધુરો ને શક્તિ આપે કે આ મોટી ખોટ ખમવાની તાક્ત આપે. આમીન! જે ભાઇ બહેનો એ આ કહાણીઓ કહી છે તેઓનાં અમે ઋણી છીએ. અને સર્વ મરહુમ ભાઇ બહેનો ના રૂહ ના સવાલ અર્થે એક સુરે ફાત્હોની અરજ છે. અલ ફાતેહા !